**બોટાદ, બનાસકાંઠા અને વલસાડ ખાતે ૧૦૦ ની ટોચ મર્યાદાવાળા સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સના મંજૂર હંગામી જગ્યાના મહેકમની મુદ્દત વધારવા બાબત...**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: **SJED/MSM/e-file/17/2022/2944/CHH Section**
સચિવાલય, ગાંધીનગર.
તા.**As per E-sign**

<u>વંચાણે લીધા:</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૫/૦૧/૨૦૨૨ અને તા.30/0૪/૨૦૨૨ ના સમાનાંકી ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૨૦/૫૪૫૮૫૧/છ,

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક: **SJED/MSM/e-file/17/2022/2944/ CHH**, તા.૦૩/૦૨/૨૦૨૫

(3) નાણા વિભાગનો તા.૨૭/૦૬/૨૦૨૩ નો ઠરાવ ક્રમાંક: **FD/ZMR/e-file/4/2023/0336/Z.1**

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૦૫/૦૧/૨૦૨૬ નો પત્ર ક્રમાંક: **DSD/ETV/e-file/226/2024/ 0095/Administrative Branch.**

<u>આમુખ:</u>

વંચાણે લીધેલ ક્રમ: (૧) સામેના ઠરાવથી રાજ્યમાં કાળજી અને રક્ષણની જરૂરિયાતવાળી કિશોરીઓ માટે બોટાદ, બનાસકાંઠા અને વલસાડ જિલ્લામાં ૧૦૦ ની ટોચ મર્યાદાવાળા સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમ: (૨) સામેના ઠરાવથી સમાજ સુરક્ષા ખાતા હસ્તકના સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ બોટાદ, બનાસકાંઠા અને વલસાડ ખાતેની મંજૂર થયેલ કુલ ૫૧ જગ્યાઓ પૈકી ૧૮ હંગામી જગ્યાઓની મુદત તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી લંબાવવાની મંજૂરી આપવામાં આવેલ હતી. સદર ૧૮ જગ્યાઓની મુદત તા.૨૮/૦૨/૨૦૨૬ ના રોજ પૂરી થયેલ છે. વંચાણે લીધેલ ક્રમ: (૪) સામેના પત્રથી ઉક્ત ૧૮ હંગામી જગ્યાઓની મુદ્દત તા.૨૮/૦૨/૨૦૨૭ સુધી લંબાવવાની મંજૂરી આપવા નિયામકશ્રીની કચેરીએ અત્રે દરખાસ્ત કરેલ, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાના અંતે, સમાજ સુરક્ષા ખાતા હસ્તકના સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ બોટાદ, બનાસકાંઠા અને વલસાડ ખાતેની કુલ ૧૮ હંગામી જગ્યાઓમાંથી નીચે દર્શાવેલ પત્રકમાં દર્શાવ્યા મુજબની ભરાયેલ **કુલ ૦૬ હંગામી** જગ્યાઓની મદ્દત તા.૨૮/૦૨/૨૦૨૭ સુધી લંબાવવા માટે આથી મંજૂરી આપવામાં આવે છે તથા નીચેના પત્રકમાં દર્શાવ્યા મુજબની **કુલ ૧૨ હંગામી** જગ્યાઓ કે જે ૦૩ વર્ષ કરતા વધુ સમયથી ખાલી છે, તેને એબેયન્સમાં મૂકવામાં આવે છે.

| **હંગામી જગ્યાઓનું પત્રક** | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | સંસ્થા/કચેરીનું નામ | હંગામી જગ્યાનો હોદ્દો | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યાની વિગત | |
| | | | | | | ખાલી જગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી-સહ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી બોટાદ, અરવલ્લી | ઓફિસ ઇનચાર્જ/ (પાંચ વર્ષ ફિક્સ પગારથી ત્યાર બાદ નિયમિત પગાર ધોરણ) | ૩ | ૨ | ૨ | ૦ | - |
| ૨ | મહિલા ભિક્ષુક ગૃહ, ડભોડા, જિ.ગાંધીનગર | ઓફિસ ઇનચાર્જ/ (પાંચ વર્ષ ફિકસ પગારથી ત્યારબાદ નિયમિત પગાર ધોરણ) | ૩ | ૧ | ૧ | ૦ | - |
| ૩ | સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગાંધીનગર | જુ. કલાર્ક (પાંચ વર્ષ ફિક્સ પગારથી ત્યારબાદ નિયમિત પગાર ધોરણ) | ૩ | ૩ | ૩ | ૦ | - |
| ૪ | સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, (કિશોરીઓ માટે) બોટાદ, બનાસકાંઠા અને વલસાડ | M.B.B.S ડોકટર (પા.ટા./સ્વેચ્છિક) | - | ૩ | ૦ | ૩ | ત્રણેય જગ્યા તા.૦૧/૦૪/૨૦૨૩ થી ખાલી છે. |
| ૫ | સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, (કિશોરીઓ માટે) બોટાદ, બનાસકાંઠા અને વલસાડ | એજયુકેટર(શિક્ષક) (પા.ટા./સ્વેચ્છિક) | - | ૩ | ૦ | ૩ | ત્રણેય જગ્યા તા.૦૧/૦૪/૨૦૨૩ થી ખાલી છે. |
| ૬ | સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, (કિશોરીઓ માટે) બોટાદ, બનાસકાંઠા અને વલસાડ | આર્ટ એન્ડ ક્રાફટ કમ મ્યુઝિક ટીચર (પા.ટા./સ્વેચ્છિક) | - | ૩ | ૦ | ૩ | ત્રણેય જગ્યા તા.૦૧/૦૪/૨૦૨૩ થી ખાલી છે. |
| ૭ | સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, (કિશોરીઓ માટે) બોટાદ, બનાસકાંઠા અને વલસાડ | પી.ટી.કમ-યોગા ટીચર (પા.ટાઇમ /સ્વેચ્છિક) | - | ૩ | ૦ | ૩ | ત્રણેય જગ્યા તા.૦૧/૦૪/૨૦૨૩ થી ખાલી છે. |


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | કુલ | | - | ૧૮ | ૬ | ૧૨ | - |

વંચાણે લીધેલ ક્રમ: (૨) સામેના ઠરાવની અન્ય શરતો/જોગવાઇઓ યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

E-sign
(જીગર પટેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (સા.ન્યા.) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, બોટાદ/બનાસકાંઠા/વલસાડ/ ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફ ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, છ-૧/છ-૨ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૬

*Signature Not Verified*
*Signed by:Jigar Patel*
*Section Officer*
*Date:2026.10.23*
*13:16:36 +5:30*


Open the document in Adobe Acrobat DC to verify the E-sign